# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત.

એ-૩, જિલ્લા સેવા સદન-૨,અઠવાલાઈન્સ,સુરત. (ISO 9001:2008 Certified)
Phone No: (0261) 2662903, Fax No: 2662902, Email Id:suratdeo@gmail.com

જા.નં/મા-૩/વર્ગ ઘટાડો/૨૦૨૪/૧૩૨૭૩-૭૪ તા. ૩ -૦૯-૨૦૨૪

પ્રતિ,

આચાર્યશ્રી,

સુરત જિલ્લાની તમામ ગ્રાન્ટેડ મા.અને ઉ.મા.શાળાઓ, તમામ

જિ.સુરત.

**વિષય :-** ગ્રાન્ટેડ શાળામાં વર્ષ – ૨૦૨૪-૨૫માં વર્ગ ઘટાડો કરવાની દરખાસ્ત મોકલવા બાબત.

**સંદર્ભ :-** ૧. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : ED/GOM/e-file/3/2023/3163/G-1, તા.૦૭-૧૨-૨૦૨૩

૨. અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : મા-૩/વર્ગ ઘટાડો/૨૦૨૪/૧૧૯૮૮ તા.૦૨-૦૮-૨૦૨૪

ઉપરોક્ત વિષય અન્વયે સંદર્ભ-૧ મૂજબની સૂચના અને સંદર્ભ-૨ મુજબના અત્રેની કચેરી પત્ર મુજબ જે શાળામાં ગ્રામ્ય વિસ્તારમાં વિદ્યાર્થીની સંખ્યા ૬૦+૨૪ અને શહેરી વિસ્તારમાં ૬૦+૩૬ જળવાતી ન હોય તો તેમણે વર્ગ ઘટાડાની દરખાસ્ત કરવા જણાવેલ.

જે શાળામાં ઉપરોક્ત સંખ્યા મુજબ વિદ્યાર્થીની સંખ્યા જળવાતી ન હોય અને દરખાસ્ત કરેલ ન હોય તો તેમણે વર્ગ ઘટાડાની દરખાસ્ત દિન-૧ માં અત્રેની કચેરીને કરવાની રહેશે.સમયમર્યાદામાં દરખાસ્ત રજૂ કરવામાં નહિ આવે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી સબંધિત આચાર્યશ્રીની અને શાળા મંડળની રહેશે. જેની નોંધ લેશો.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

<u>નકલ રવાના તેમજ કાર્યવાહી કરવા સારૂ</u> :- શિક્ષણ નિરીક્ષકશ્રી - તમામ સદર કચેરી
/- આપના કાર્યક્ષેત્રના સંકુલની શાળાઓમાં આ પરીપત્રનો અમલ કરાવવા તથા દરખાસ્ત કરવાની કાર્યવાહી કરાવવા સારૂ.

# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત.

બી-૩, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઇન્સ, સુરત. (ISO 9001:2008 Certified)
Phono No: (0261) 2662903, Fax No: 2662902, Email Id:suratdeo@gmail.com

જા.નં/મા-૩/વર્ગ ઘટાડો/૨૦૨૪/ ૧૧૫૨૪ તા. ૨-૦૮-૨૦૨૪

પ્રતિ,

આચાર્યશ્રી,

સુરત જિલ્લાની તમામ ગ્રાન્ટેડ મા.અને ઉ.મા.શાળાઓ, તમામ

જિ.સુરત.

**વિષય :-** ગ્રાન્ટેડ શાળામાં વર્ષ – ૨૦૨૪-૨૫માં વર્ગ ઘટાડો કરવાની દરખાસ્ત મોકલવા બાબત.

**સંદર્ભ :-** ૧. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : ED/GOM/e-file/3/2023/3163/G-1, તા.૦૭-૧૨-૨૦૨૩

૨. તા.૦૧-૦૮-૨૦૨૪ની વી.સી.માં વડી કચેરી દ્વારા મળેલ સૂચના

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે અત્રેની કચેરીના તાબા હેઠળની તમામ ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ચાલુ શૈક્ષણિક વર્ષ સને-૨૦૨૪-૨૫માં જે શાળાઓમાં શિક્ષણ વિભાગના સંદર્ભદર્શિત પત્ર-૧માં જણાવેલ ઠરાવ અનુસાર વિદ્યાર્થી સંખ્યા જળવાતી ન હોય તો તેવી શાળઓએ વર્ગ ઘટાડાની દરખાસ્ત આધાર-પૂરાવા સહ અત્રેની કચેરી ખાતે દિન-૦૫માં રજૂ કરવાની રહેશે. શાળા દ્વારા દરખાસ્ત સમયમર્યાદામાં કરવામાં નહિ આવે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી સબંધિત આચાર્યશ્રીની અને શાળા મંડળની રહેશે. જેની નોંધ લેશો.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

<u>નકલ રવાના તેમજ કાર્યવાહી કરવા સારૂ :-</u> શિક્ષણ નિરીક્ષકશ્રી - તમામ સદર કચેરી
/- આપના કાર્યક્ષેત્રના સંકુલની શાળાઓમાં આ પરીપત્રનો અમલ કરાવવા તથા દરખાસ્ત કરવાની કાર્યવાહી કરાવવા સારૂ.

બિન-સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નવા/વધારાના/ક્રમિક વર્ગ વધારા તથા વર્ગ ઘટાડા અંગેની કાર્યપદ્ધતિ નક્કી કરવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: ED/GOM/e-file/3/ 2023/ 3163/ G-1
સચિવાલય, ગાંધીનગર
તારીખ:૦૭/૧૨/૨૦૨૩

વંચાણે લીધા :

(૧) શિક્ષણ વિભાગના તા.૧૫/ ૦૫/ ૧૯૯૯ ના ઠરાવ ક્રમાંક: બમશ/ ૧૩૯૯/ ૩૧૪/ ગ
(૨) શિક્ષણ વિભાગના તા.૦૮/ ૦૩/ ૨૦૧૧ ના ઠરાવ ક્રમાંક: ઉમશ/ ૧૧૦૬/ ૨૧૩૮/ ગ-૧
(૩) શિક્ષણ વિભાગના તા.૨૭/ ૦૪/ ૨૦૧૧ ના ઠરાવ ક્રમાંક: મશબ/ ૧૨૧૦/ ૩૦૭૦/છ
(૪) શિક્ષણ વિભાગના તા.૧૧/ ૦૮/ ૨૦૧૧ ના સુધારા ઠરાવ ક્રમાંક: ઉમશ/ ૧૧૦૬/૨૧૩૮/ગ.૧
(૫) શિક્ષણ વિભાગના તા.૨૧/ ૧૨/ ૨૦૧૧ ના ઠરાવ ક્રમાંક: બમશ/ ૧૧૧૦/૨૬૦૨/ગ
(૬) શિક્ષણ વિભાગના તા.૧૮/ ૧૦/ ૨૦૧૬ ની યાદી ક્રમાંક: ઉમશ/ ૧૨૧૫/૨૦૪/ગ.૧
(૭) શિક્ષણ વિભાગના તા.૧૨/ ૧૦/ ૨૦૨૨ ના ઠરાવ ક્રમાંક: બમશ/ ૧૦૧૧/૨૫૪૧/ગ
(૮) શિક્ષણ વિભાગના તા.૧૭/ ૧૨/ ૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક: ઉમશ/ ૧૧૧૫/૧૨૧/ગ.૧
(૯) શિક્ષણ વિભાગના તા.૦૪/ ૦૨/ ૨૦૨૦ ના સુધારા ઠરાવ ક્રમાંક: ઉમશ/ ૧૧૧૫/૧૨૧/ગ.૧
(૧૦) નિયામકશ્રી શાળાઓની કચેરીનો તા.૨૩/ ૧૦/ ૨૦૨૩ નો પત્ર ક્રમાંક : ઘ/માધ્યમિક/ અનદ-૨/૨૦૨૩-૨૪/૧૯૩૩૮

આમુખ :

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020મા પૂર્વ પ્રાથમિકથી ધોરણ ૧૨ સુધીનુ ગુણવત્તાયુક્ત શાળાકીય શિક્ષણ તમામ બાળકોને પ્રાપ્ત થાય તે ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. ગુજરાતમાં ધોરણ ૮ પછી ધોરણ ૯ થી ૧૨માં ડ્રોપઆઉટ રેટ ઘટાડી વધારેમાં વધારે બાળકો ધોરણ ૧૨ સુધીનો અભ્યાસ પૂર્ણ કરે તે માટે શિક્ષણ વિભાગ સઘન પ્રયાસો કરી રહ્યું છે. ધોરણ ૮ થી ૯માં વર્ષ

eSign Signed by HITESH KISHORBHAI GOHIL Location Gandhinagar India Organization Name GOVERNMENT OF GUJARAT Date 07 Dec 2023 (06:26 PM)

૨૦૨૧-૨૨માં અંદાજે ૨૪% જેટલો ડ્રોપઆઉટ રેટ હતો. તે શિક્ષણ વિભાગના સઘન પ્રયાસોના કારણે વર્ષ ૨૦૨૩-૨૪માં ઘટીને ૫% જેટલો થયેલ છે. તેના કારણે વર્ષ ૨૦૨૧-૨૨ના પ્રમાણમાં વર્ષ ૨૦૨૩-૨૪માં અંદાજે એક લાખ કરતાં વધારે વિદ્યાર્થીઓએ ધોરણ ૯માં પ્રવેશ મેળવેલ છે. વધુમાં, ધોરણ ૧૦ થી ૧૧માં ડ્રોપઆઉટ રેટ ઘટાડવા રાજ્ય સરકારે કેટલાક મહત્વના નિર્ણયો કર્યા છે. જેથી આગામી સમયમાં ધોરણ ૧૧માં પણ વિદ્યાર્થી સંખ્યામાં મોટા પ્રમાણમાં વધારો થવાની સંભાવના છે. એક અંદાજ મુજબ આ તમામ પ્રયાસોના કારણે વિદ્યાર્થીઓના ડ્રોપઆઉટમાં ૨૦% નો ઘટાડો થાય તો તેના કારણે ધોરણ ૯ થી ૧૨માં ૫ લાખ કરતાં વધુ વિદ્યાર્થીઓનો વધારો થાય.

ગુજરાત રાજ્યમાં ધોરણ ૯ થી ૧૨ની સરકારી અને અનુદાનિત શાળાઓ પૈકી ૮૦% શાળાઓ અનુદાનિત અને ૨૦% સરકારી શાળાઓ છે. આ શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પૈકી અંદાજે ૯૦% વિદ્યાર્થીઓ અનુદાનિત શાળાઓમાં અને ૧૦% વિદ્યાર્થીઓ સરકારી શાળાઓમાં અભ્યાસ કરે છે. તેથી વિદ્યાર્થીઓની સંખ્યામાં જે વધારો થાય તેમાંથી ૯૦% જેટલા વિદ્યાર્થીઓનો વધારો અનુદાનિત શાળામાં થવાની સંભાવના છે. આ વિદ્યાર્થીઓના શિક્ષણ માટે આગોતરું આયોજન કરી તેમને પૂરતા પ્રમાણમાં શૈક્ષણિક સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે વર્ગ વધારાની મંજૂરી આપવાની હાલની પદ્ધતિના સ્થાને સરકારી પ્રાથમિક શાળાની જેમ Aadhar Enabled District Information System for Education (DISE) અને Chiid Tracking System (CTS) માં વિદ્યાર્થી સંખ્યા વધતા તે અનુસાર આપોઆપ વર્ગ વધારો મળી જાય તે પ્રકારની સરળ અને પારદર્શક વ્યવસ્થા અમલમાં મૂકવાની બાબત રાજ્ય સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી.

વધુમાં, મિશન સ્કૂલ્સ ઓફ એક્સલન્સ અંતર્ગત રાજ્યમાં ઉત્કૃષ્ટ શિક્ષણ ઉપલબ્ધ કરાવતી શાળાઓને વધુમાં વધુ પ્રોત્સાહન મળે અને ગુણોત્સવ ૨.0 અંતર્ગત શ્રેષ્ઠ ગ્રેડ મેળવેલ શાળાઓમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓ પોતાની ઈચ્છા મુજબ પ્રવેશ મેળવી ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવી શકે તે માટે પ્રયત્નો થઈ રહ્યા છે. તે સંદર્ભમાં અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં જ્યાં વધુમાં વધુ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય તેવી શાળાઓને મહત્તમ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે અનુકૂળતા કરી આપવા માટેની બાબત પણ રાજ્ય સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી.

આ અંગે માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ સાથે સંકળાયેલા વિવિધ શૈક્ષણિક

Signed by HITESH KISHORBHAI GOHIL
Location: Gandhinagar India
Organization Name
GOVERNMENT OF GUJARAT
Date: 07 Dec 2023

સંગઠનો સાથે ચર્ચા કરી તેઓના પણ સૂચનો મેળવી નિયામકશ્રી, શાળાઓની કચેરીએ વંચાણે લીધા ક્રમાંક (૧૦) સામેના પત્રથી ઉક્ત બાબતે દરખાસ્ત કરેલ. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

રાજ્ય સરકારની કાળજીપૂર્વકની વિચારણાના અંતે, રાજયની બિન-સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વધુને વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ મળી શકે તે હેતુથી શાળાઓમાં નવા/વધારાના/ક્રમિક વર્ગવધારા તથા વર્ગઘટાડા અંગેની નીચે મુજબની કાર્યપદ્ધતિ નક્કી કરવાનુ આથી ઠરાવવામાં આવે છે.

1. <u>સળંગ એકમ અન્વયે ધોરણ ૧૧નો પ્રથમ ક્રમિક વર્ગ મંજૂર કરવા માટેની કાર્યપદ્ધતિ :</u>

જ્યા એક જ સ્થળે સરકારની અથવા એક જ મંડળની અનુદાનિત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ કાર્યરત છે તેવી શાળાઓના અસરકારક અને કાર્યક્ષમ
સંચાલનના હેતુ માટે માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગના ધોરણ ૯ થી ૧૨નું
સળંગ એકમ ગણવાનું અને આવી શાળાઓને "ઉચ્ચત્તર માધ્યમિક શાળા" તરીકે
નામાભિધાન કરવાનું રહેશે. આવી શાળાઓને સિંગલ રજિસ્ટ્રેશન નંબર આપવાની કાર્યવાહી
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા કરવામાં આવશે. જે સરકારી અને
અનુદાનિત શાળાઓમાં વર્ષ ૨૦૧૧ પહેલા ધોરણ ૯ થી ૧૨ના અનુદાનિત વર્ગો કાર્યરત
હતા તે શાળાઓ પણ સળંગ એકમ ગણવામાં આવશે. માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક
વિભાગના ધોરણ ૯ થી ૧૨નું સળંગ એકમ થતાં શાળા સંચાલન માટે હવે નીચે મુજબની
વ્યવસ્થા રહેશે.

(I) માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગના શિક્ષકોના કાર્યબોજના માપદંડ તેમજ
મંજુર મહેકમ પ્રમાણે શિક્ષકોને જે તે વિભાગના જે તે વિષય માટે કામગીરી સોંપવાની
રહેશે. ધોરણ ૯ થી ૧૨ની શાળાને સળંગ એકમ ગણવાને કારણે માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક વિભાગના શિક્ષકો શૈક્ષણિક હેતુ માટે સળંગ એકમના શૈક્ષણિક
કર્મચારી ગણાશે. તેથી શાળાના આચાર્ય, શૈક્ષણિક કામગીરી વધુ અસરકારક બને તે
માટે જરૂરીયાત મુજબ ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ફરજ બજાવતા શિક્ષકોનો
કાર્યભાર પૂર્ણ ન થતો હોય તો તેમની શૈક્ષણિક લાયકાતના વિષયને અનુરૂપ

Sign Signed by HITESH KISHORBHAI GOHIL
Location Gandhinagar India
Organization Name GOVERNMENT OF GUJARAT

માધ્યમિક વિભાગના વર્ગોમાં કાર્યબોજ સોંપી શકશે. તે જ રીતે માધ્યમિક વિભાગના શિક્ષકોને જો તેમનો કાર્યભાર પૂર્ણ ન થતો હોય તો તેમની શૈક્ષણિક લાયકાતના વિષયને અનુરૂપ તેમની લાયકાતના આધારે ઉચ્ચતર માધ્યમિક વિભાગના વર્ગોમાં યથા પ્રસંગે કાર્યભાર સોંપી શકશે.

(ii) શાળાના આચાર્ય ધોરણ ૯ થી ૧૨ ના સળંગ એકમના શૈક્ષણિક તથા વહીવટી વડા ગણાશે. તેમની સત્તાઓ અને કામના કલાકો માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ તથા માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ની જોગવાઇ તથા સરકાર વખતોવખત નક્કી કરે તે મુજબ રહેશે.

(iii) ધોરણ ૯ થી ૧૨ના સળંગ એકમમાં માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં વર્ગદીઠ શિક્ષકોનું પ્રમાણ, શિક્ષણ વિભાગના તા.૧૭/૧૨/૨૦૧૫ના ઠરાવ અને તા.૦૪/૦૨/૨૦૨૦ના સુધારા ઠરાવ અનુસાર તથા સરકારના વખતો વખતના સુધારાને આધીન રહેશે. (નીચે આપેલ કોષ્ટક ઉક્ત ઠરાવોની જોગવાઈ મુજબ વર્ગોની સામે મંજૂર શિક્ષકના પ્રમાણ/મહેકમની સમજણ માટે છે.)

| માધ્યમિક | | | | | ઉચ્ચતર માધ્યમિક | | |
|---|---|---|---|---|---|---|---|
| શાળામાં માન્ય વર્ગોની સંખ્યા | મળવાપાત્ર શૈક્ષણિક મહેકમ | | | રેશિયો | શાળામાં માન્ય વર્ગોની સંખ્યા | મળવાપાત્ર શૈક્ષણિક મહેકમ | રેશિયો |
| | આચાર્ય | શિક્ષકો | કુલ | | | | |
| ૦૧ | ૦૧ | ૦૧ | ૦૨ | ૦૨ | ૦૧ | ૦૩ | ૨.૫ |
| ૦૨ | ૦૧ | ૦૩ | ૦૪ | ૦૨ | ૦૨ | ૦૫ | ૨.૫ |
| ૦૩ | ૦૧ | ૦૪ | ૦૫ | ૧.૫ | ૦૩ | ૦૭ | ૨.૫ |
| ૦૪ | ૦૧ | ૦૫ | ૦૬ | ૧.૫ | ૦૪ | ૦૯ | ૨.૫ |
| ૦૫ | ૦૧ | ૦૬ | ૦૭ | ૧.૫ | ૦૫ | ૧૨ | ૨.૫ |
| ૦૬ | ૦૧ | ૦૮ | ૦૯ | ૧.૫ | ૦૬ | ૧૪ | ૨.૫ |
| ૦૭ | ૦૧ | ૦૯ | ૧૦ | ૧.૫ | ૦૭ | ૧૬ | ૨.૫ |
| ૦૮ | ૦૧ | ૧૧ | ૧૨ | ૧.૫ | ૦૮ | ૧૯ | ૨.૫ |
| ૦૯ | ૦૧ | ૧૨ | ૧૩ | ૧.૫ | ૦૯ | ૨૧ | ૨.૫ |
| ૧૦ | ૦૧ | ૧૪ | ૧૫ | ૧.૫ | ૧૦ | ૨૪ | ૨.૫ |
| ૧૧ | ૦૧ | ૧૫ | ૧૬ | ૧.૫ | ૧૧ | ૨૫ | ૨.૫ |
| ૧૨ | ૦૧ | ૧૭ | ૧૮ | ૧.૫ | ૧૨ | ૨૬ | ૨.૫ |

eSign
Signed by HITESH KISHORBHAI GOHIL
Location: Gandhinagar India
Organization Name
GOVERNMENT OF GUJARAT
Date: 07-Dec-2023 (06:26 PM)

નોંધ : શિક્ષણ વિભાગના તા.૦૪/૦૨/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક: ઉમશ-૧૧૧૫-૧૨૧-ગ.૧ મુજબ ઉચ્ચતર માધ્યમિક શાળામાં સામાન્ય પ્રવાહ તથા વિજ્ઞાન પ્રવાહમાં અગત્યના વિષયો શિક્ષકની ઘટ રહેતી હોય તો નિયમાનુસારની કાર્યભારની વહેંચણી ધ્યાને લઇને જરૂર મુજબ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહમાં વધારાનો વિષય શિક્ષક આપવાનો રહેશે.

(IV) જે-તે શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં Aadhar Enabled DISE અને CTS ના આધારે શાળામાં ધોરણ ૧૧માં વિદ્યાર્થી સંખ્યા ગ્રામ્ય વિસ્તારમાં ૨૪ અને શહેરી વિસ્તારમાં ૩૬ હોય ત્યાં ધોરણ ૧૧નો પ્રથમ ક્રમિક વર્ગ મળશે.

(V) ધોરણ ૧૧ના પ્રથમ ક્રમિક વર્ગના મંજુરીપત્ર સાથે જ ધોરણ ૧૨ના પ્રથમ ક્રમિક વર્ગની મંજૂરી મળી જશે. પરંતુ, ધોરણ ૧૨માં નિયત લઘુતમ વિદ્યાર્થી સંખ્યા ગ્રામ્ય વિસ્તારમાં ૨૪ અને શહેરી વિસ્તારમાં 36 વિદ્યાર્થી સંખ્યા જાળવવાની શરતે વર્ગ વધારાની મંજૂરીનો પત્ર નિયામકશ્રી, શાળાઓની કચેરી દ્વારા ઓનલાઈન જનરેટ કરવાનો રહેશે.

(VI) આ પ્રકારે સળંગ એકમ અન્વયે ધોરણ 11 પ્રથમ ક્રમિક વર્ગની દરખાસ્ત કરનાર શાળાએ એ જ ટ્રસ્ટની અને એ જ બિલ્ડિંગમાં ચાલતી સ્વ-નિર્ભર શાળા ફરજીયાતપણે બંધ કરી તેની નોંધણી રદ્દ કરાવવાની પ્રક્રિયા કરવાની રહેશે. ત્યારબાદ જ આ વર્ગ વધારો અમલી બનશે.

(VII) ધોરણ ૧૨ના વર્ગનું મહેકમ વર્ગ શરૂ થાય તે વર્ષે આપવાનું રહેશે.

2. <u>ધોરણ ૯ તથા ધોરણ ૧૧ ના વર્ગ વધારા મંજૂર કરવા માટેની કાર્યપદ્ધતિ:</u>

- શાળાની વર્ગ વધારા કરવાની દરખાસ્ત પોર્ટલ પર મળે ત્યારે, વધારાના વર્ગ માટે મંજૂરીપત્ર આપતા પહેલા નિયામકશ્રી, શાળાઓની કચેરીએ નીચે જણાવેલા મુદ્દાઓની કાળજીપૂર્વક પુરતા આધારો તેમજ Aadhar Enabled DISE અને CTS અનુસાર ચકાસણી કરવાની રહેશે.

1. શાળામાં દરેક ધોરણના માન્ય વર્ગમાં ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમ નં.૯(૧૩)(૩) ની જોગવાઈ મુજબ જે તે શૈક્ષણિક વર્ષમાં ૬૦ વિદ્યાર્થીઓની રજીસ્ટર્ડ વિદ્યાર્થી સંખ્યા હોવી જોઇએ.
2. ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારની શાળામાં જે તે ધોરણના વધારાના વર્ગ માટે ગ્રામ્ય વિસ્તારમાં ૨૪ અને શહેરી વિસ્તાર માટે ૩૬ લઘુતમ રજીસ્ટર્ડ

eSign Signed by HITESH KISHORBHAI GOHIL
Location Gandhinagar, India
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date 07-Dec-2023 (06.26 PM)

વિધાર્થી સખ્યા ધરાવતા હોવા જોઇએ. (ઉ.દા. જે તે ધોરણના બીજા વર્ગ વધારા માટે ગ્રામ્ય વિસ્તાર માટે : ૬૦+૨૪ અને શહેરી વિસ્તાર માટે : ૬૦+૩૬....તે રીતે ત્રીજા, ચોથા, પાંચમા....એમ ક્રમ અનુસરવાનો રહેશે)

3. ધોરણ ૯ તથા ધોરણ ૧૧ના વધારાના વર્ગોની મંજૂરી સાથે જ ધોરણ ૧૦ તથા ધોરણ ૧૨ના ક્રમિક વધારાના વર્ગો યુનિટ તરીકે એક સાથે જ મંજૂર ગણાશે (ઉ.દા. ધોરણ ૯નો ત્રીજો વર્ગ મંજુર થાય તે જ વર્ષે ધોરણ ૧૦નો ત્રીજો વર્ગ યુનિટ વર્ગ તરીકે મંજુર ગણાશે.) પરંતુ આ રીતે યુનિટ રૂપે મળેલ ધોરણ ૧૦ તથા ધોરણ ૧૨ના વર્ગ ધોરણ ૯ તથા ધોરણ ૧૧ના વર્ગ જે શૈક્ષણિક વર્ષથી શરૂ થાય તે પછીના વર્ષથી નિયત વિદ્યાર્થી સંખ્યા જળવાયેથી શરુ કરવાના રહેશે.

4. ધોરણ ૯ તથા ૧૧ના વધારાના વર્ગના મંજૂરીપત્ર સાથે જ ધોરણ ૧૦ તથા ૧૨ના વધારાના વર્ગની મંજૂરી મળી જશે. પરંતુ ધોરણ ૧૦ તથા ૧૨માં નિયત લઘુતમ વિદ્યાર્થી સંખ્યા ગ્રામ્ય વિસ્તારમાં ૨૪ અને શહેરી વિસ્તારમાં ૩૬ વિદ્યાર્થી સંખ્યા જાળવવાની શરતે વર્ગ વધારાની મંજૂરીનો પત્ર નિયામકશ્રી, શાળાઓની કચેરી દ્વારા ઓનલાઈન જનરેટ કરવાનો રહેશે.

5. ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ના વધારાના વર્ગનું મહેકમ વર્ગ શરુ થાય તે વર્ષે આપવાનું રહેશે.

. <u>નવા/ક્રમિક/વધારાના વર્ગ માટેની સામાન્ય સૂચનાઓ:</u>

(I) નવા/ક્રમિક/વધારાના વર્ગ માટે નિયામકશ્રી, શાળાઓની કચેરી દ્વારા નવા શૈક્ષણિક વર્ષથી પોર્ટલ એક્ટિવેટ કરવાનું રહેશે. શાળાઓ દ્વારા પોર્ટલ પર ઓનલાઈન નવા/ક્રમિક/વધારાના વર્ગની નિયામકશ્રી, શાળાઓની કચેરી નક્કી કરે તે મુજબના સ્વ-ઘોષણાપત્ર સાથે માંગણી કરવાની રહેશે અને મંજૂરીની પ્રક્રિયા ૩૧મી ઓગસ્ટ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે. આ મંજૂરીની સાથે શાળાએ પોર્ટલ પર દિન-૦૭ માં વિષય અનુસાર શિક્ષણ સહાયક/જ્ઞાન સહાયકની માંગણી કરવાની રહેશે.

(II) જે શાળાઓએ વર્ગવધારા/ક્રમિક વર્ગોની સ્વ-ઘોષણાપત્રના આધારે માંગણી કરેલ હોય તેના CTS ડેટા તથા ભૌતિક અને માળખાકીય સુવિધાઓ સહિતની વિગતોની કોઇપણ સમયે ચકાસણી દરમિયાન જે-તે સમયે રજુ કરેલ

eSign
Signed by: HITESH KISHORBHAI GOHIL
Location: Gandhinagar India
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 07-Dec-2023 (06:26 PM)

દરખાસ્તમાં ખોટી વિગતો જણાવ્યાનું માલૂમ પડશે તો સંસ્થા સામે વર્ગ મંજૂરી રદ કરવાથી માંડીને શાળાની માન્યતા રદ કરવા સુધીની નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવશે.

(III) તમામ શાળાઓએ વિદ્યાર્થીઓની Aadhar Enabled DISE અને CTSમાં ફરજિયાત નોંધણી કરવાની રહેશે તથા વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા નિર્ધારિત ઓનલાઈન એટેન્ડન્સ પોર્ટલમાં બાયોમેટ્રીક/ફેસિયલ રેકગ્નીશન (Biometric/Facial Recognition) પદ્ધતિથી નિયમિત હાજરી પુરવાની રહેશે. તેથી વિદ્યાર્થીઓની ફક્ત કાગળ પર નોંધણી ના રહે અને વર્ગ વધારાની મંજૂરી પછી વિદ્યાર્થીઓ ગેરહાજર ન રહે અને તેથી આ સરળ પ્રક્રિયાનો ગેરલાભ થવાની શક્યતા નહિવત રહે.

(IV) CTSના આધારે દરેક માસના અંતે વિદ્યાર્થી સંખ્યા અને હાજરી સંદર્ભે નિયામકશ્રી, શાળાઓ દ્વારા માસિક સમીક્ષા કરવામાં આવશે. સમીક્ષાના અંતે નિયત વિદ્યાર્થી સંખ્યામાં અસાધારણ ફેરફાર જોવા મળશે તો નિયામકશ્રી. શાળાઓની કચેરી દ્વારા ઉક્ત ૩(II) મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

4. <u>શાળાઓમાં વિદ્યાર્થી સંખ્યામાં ઘટાડો થતાં વર્ગ ઘટાડો કરવા માટેની કાર્યપદ્ધતિ:</u>

(I) રજીસ્ટર્ડ વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થાય અને નિયત સંખ્યા કરતાં વિદ્યાર્થીઓની પ્રવેશ સંખ્યા ઓછી થાય ત્યારે શાળામંડળે વર્ગ ઘટાડા માટેની પોર્ટલ પર ઓનલાઈન દરખાસ્ત ૩૦મી સપ્ટેમ્બર સુધીમાં જિલ્લા શિક્ષણાધિકારીને કરવાની રહેશે. Aadhar Enabled DISE અને CTS ના આધારે વિદ્યાર્થી સંખ્યાની ચકાસણી કરી જિલ્લા શિક્ષણાધિકારીએ ૩૧મી ઓક્ટોબર સુધીમાં વર્ગ ઘટાડાની કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે.

(II) માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ કે જ્યાં દરેક ધોરણના માત્ર એક-એક વર્ગ ચાલે છે તેવી શાળાઓમાં ગ્રામ્ય વિસ્તારમાં વર્ગ દીઠ ૨૪ વિદ્યાર્થીઓ અને શહેરી વિસ્તારમાં વર્ગદીઠ ૩૬ વિદ્યાર્થીઓની સંખ્યા જળવાતી ન હોય તો વર્ગ ઘટાડો કરવાનો રહેશે.

(III) માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ કે જ્યા કોઈપણ ધોરણના એક કરતા વધારે વર્ગો અસ્તિત્વમાં હોય ત્યાં વધારાના છેલ્લા વર્ગમાં ગ્રામ્ય વિસ્તારમાં ૨૪ અને શહેરી વિસ્તારમાં ૩૬ થી ઓછી સંખ્યા થાય તો તે છેલ્લા વર્ગો ઘટાડવાના રહેશે. (ઉ.દા.

Sign
Signed by HITESH KISHORBHAI GOHIL
Location Gandhinagar India
Organization Name GOVERNMENT OF GUJARAT
Date 07-Dec-2021 [illegible]

ગ્રામ્ય વિસ્તારની એક શાળામાં ધોરણ ૯ ના ૩ વર્ગો છે. ધોરણ ૯ ની કુલ સંખ્યા ૯૨ છે. તેથી પ્રથમ વર્ગમાં ૬૦ બીજા વર્ગમાં ૨૪ અને ત્રીજા વર્ગની ૦૮ સંખ્યા થાય. તેથી ત્રીજો વર્ગ ઘટાડવાનો થાય.)

5. આ ઠરાવનો અમલ વર્ષ ૨૦૨૪-૨૫ થી કરવાનો રહેશે.

6. આ ઠરાવથી વર્ગ સાથે મંજુર થયેલા શિક્ષકોના મહેકમ અને નિભાવ અનુદાનની અંદાજપત્રના સ્થાયી ખર્ચ (સ્ટેન્ડિંગ ચાર્જિસ) તરીકે જોગવાઈ કરી ખર્ચ કરવાનો રહેશે.

7. આ અંગે અર્થઘટનનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો શિક્ષણ વિભાગનો નિર્ણય આખરી ગણવાનો રહેશે.

8. આ સાથે શિક્ષણ વિભાગના વંચાણે લીધેલા ક્રમ ૧ થી ૭ના ઠરાવો રદ્દ કરવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઇ-ફાઇલ પર નાણા વિભાગની તા.૨૭/૧૦/૨૦૨૩ અને સરકારશ્રીની તા.૦૭/૧૨/૨૦૨૩ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: HITESH KISHORBHAI GOHIL
Location: Gandhinagar, India
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 07-Dec-2023 (06:26 PM)

(એચ.કે.ગોહીલ)

નાયબ સચિવ

શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર

ઇલ

ક્રમાંક: ધ/માધ્ય/અનદ-૨/૨૦૨૩-૨૪/૨૨૦૫૫-૨૨૨૦૪
કમિશનર શાળાઓની કચેરી.
વિધા સમક્ષા કેન્દ્ર, બીજો માળ, સેકટર-૧૯.
ગુ.રા., ગાંધીનગર. તા.૦૮/૧૨/૨૦૨૩

નકલ રવાના જાણ તથા જરૂરી અમલ કરવા સારૂ

(એન.એમ.મહેતા)
નાયબ શિક્ષણ નિયામક(માધ્યમિક)
ગુ.રા., ગાંધીનગર.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,તમામ, ગુજરાત રાજય.

સવિનય નકલ રવાના જાણ સારૂ :

- માન. નિયામકશ્રીના રહસ્ય સચિવશ્રી, સદર કચેરી.
- સંયુકત શિક્ષણ નિયામકશ્રી (ઉ.મા. (૧૦+૨), સદર કચેરી.
- સંયુકત નિયામકશ્રી (હિસાબ), સદર કચેરી.
- નાયબ શિક્ષણ નિયામકશ્રી (મહેકમ), સદર કચેરી
- શ્રેયાન અધિક્ષકશ્રી (ઉ.મા. ૧૦+૨), સદર કચેરી.